ગાંધીનગર સમાચાર

ગાંધીનગર ખાતે 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણીની તૈયારીઓ આરંભાઈ



ઉદય વેળાની સૌમ્યતા મુકીને મધ્યાહ્ને તપ્ત થયેલો સૂરજ પણ જેમ અસ્તાચળે ફરી આર્દ્ર બને છે, એમ આપણે પણ સવારે શાંત, બપોરે બેબાકળા અને સાંજ સુધીમાં પુનઃ શાણા થઈ જઈએ છીએ... આખા દિવસમાં આપણે શું ખોળ્યું અને શું ખોયું એ ક્યારેક ખંખોળી જોવા જેવું છે...!!! સાંજે સૂબાના કામેથી કૂબા તરફ જતાં આપણા મનસુબા સાકાર થાય તો આપણે સાચા શ્રમજીવી... બાકી ક્ષણજીવી...!!! સાંજે વિધાનસભાથી નિકળતી વેળાનું નયનરમ્ય દ્રશ્ય....

(તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

# મોસમનો વિચિત્ર મિજાજ

## મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૦ ડીગ્રીનો તફાવત નોંધાયો

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વળતી ઠંડીના દિવસોમાં મોસમનો વિચિત્ર મિજાજ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૨૦ ડી ગ્રીનો તફાવત નોંધાયો છે. જેના પરિણામે નગરજનો દિવસે આકરા તાપના લીધે ગરમી અને ઢળતી સાંજે ઠંડકનો અહેસાસ કરી રહ્યા છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડી ગ્રી નોંધાયુ હતુ.

શિયાળાની ઋતુ આ વખતે લુપાછુપી ખેલવાના મુડમાં છે. વાતાવરણમાં નાટ્યાત્મ પલ્ટા વચ્ચે ઠંડી ગરમીના પારાની સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. ક્યારકે લઘુત્તમ તાપમાનનુ જોર વધુ જોવા મળે છે. તો ક્યારેક મહત્તમ તાપમાન વધી જતા શિયાળાની વિદાય સાથે આકરો ઉનાળો શરૂ થઈ ગયો હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ઠંડી ગરમીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. આજે પણ નગરજનોએ મોસમની વિચિત્રતાનો પરાકાષ્ઠાએ અનુભવ કર્યો હતો.

### દિવસે આકરી ગરમી અને રાત્રે ઠંડી : નગરનુ જનજીવન પ્રભાવિત : બેવડી ઋતુના લીધે નગરજનો સુસ્તી અને બિમારીનો ભોગ

દરમિયાન એસીના ધમધમાટ વચ્ચે રહેતા નગરજનો રાત્રિના ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે મોટો તફાવત હોવાના લીધે નગરજનો સુસ્તી અનુભવી રહયા છે. નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. તાવ શરદી ઉધરસ જેવી બિમારીઓનો ભોગ બની રહયા છે. આજે દિવસ

લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સૌથી વધુ ૨૦ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જેના પરિણામે ઋતુની અસરથી નગરજનો સુસ્તીનો શિકાર બન્યા છે. જયારે નગરજનોના આરોગ્ય પર વિપરિત તેમજ ઘરોમાં પંખા અને એસીનો ધમધમાટ જોવા મળી રહયો છે. અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીના



શહેરીજનોએ દિવસ દરમિયાન આકરી ગરમી અને સાંજ ઢળતા જ ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૩૮ ટકા સુધી જ રહયુ હતુ. બેવડી અસર વર્તાઈ રહી છે. બેવડી ઋતુના લીધે નગરજનો તાવ શરદી અને ઉધરસ સહીતની તકલીફો વેઠી રહયા છે . દિવસે વાતાવરણમાં ઉનાળા જેવી આકરી ગરમીના લીધે ઓફિસ લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. વળતા શિયાળે ઠંડીની સાથે ગરમીનો મિજાજ પણ ઉગ્ર બનતા જનજીવન પ્રભાવિત થયુ છે.

# બટાટાના વિક્રમી ઉત્પાદનની શક્યતાને પગલે આગોતરા આયોજન માટે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં બટાટાના વિક્રમી ઉત્પાદનને પગલે ઉભી થનારી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સોમવારે એક મહત્વની બેઠક બોલાવી છે.

**જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન ૮૦૦૦ હજાર હેક્ટરમાં બટાટાનું વાવેતર થયુ છે, બટાટાની પાંચ જાતો છે**

જિલ્લાના બાગાયત અધિકારીઓ, કૃષિ વિભાગના અધિકારીઓ તેમજ કોલ્ડ સ્ટોરેજ સંચાલકો સાથે આ બેઠક યોજવામાં આવી છે.

જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન ૮૨૦૦ હેક્ટરમાં બટાટાનું વાવેતર થયુ હતુ જે પણ એક વિક્રમી વાવેતર છે. વિક્રમી વાવેતર પછી વિક્રમી ઉત્પાદન મળતાં હવે ખેડૂતોની હાલત દયનીય થવા પામી છે.

જિલ્લામાંબટાટાનીપાંચ જાતોનું વાવેતર થાય છે. લોકર, એલઆર, પુખરાજ જેમાં મુખ્યત્વે છે. પુખરાજ બટેટાનું ઉત્પાદન વધુ નોંધાયું છે. એલ.આર. બટાટાની ખેતી કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી થતી હોય છે. બાદશાહ બટાટા ખેતી શાકભાજીમાં વધારે વપરાતી હોય છે.

ગાંધીનગર જિલ્લામાં બટાટાની મુખ્ય ખેતી ગાંધીનગર તાલુકાની પૂર્વપટ્ટી તેમજ દહેગામ તાલુકામાં સૌથી વધુ થતી હોય છે. થોડા ઘણા અંશે માણસાના કેટલાક વિસ્તારોમાં પણ થતી હોય છે.

ગત વર્ષે પણ થયેલા વધુ ઉત્પાદન પછી દહેગામ ખાતે તત્કાલીન જિલ્લા કલેક્ટર રવિશંકરે બેઠક કોલ્ડ સ્ટોરેજના સંચાલકો સાથે કરી હતી.

જિલ્લામાં આ વર્ષે અંદાજિત ત્રણેક લાખ મે. ટન જેટલુ ઉત્પાદન થવાનો અંદાજ છે. એલ.આર. લોકર એ બે જાતના બટાટા ખાસ કરીને કાતરી માટે વપરાતી હોય છે. એકાદ સપ્તાહમાં બટાટાની આવક થવાની શક્યતાઓને પગલે કલેક્ટરે આગોતરા આયોજન માટે બેઠક બોલાવી છે.

બજારોના જાણકાર કહેવા મુજબ આગામી સપ્તાહમાં બટાટાની આવક સાથે બજારમાં ભાવ પડશે. ખેડૂતો બહુ ભાવ મળશે નહિ તેવું માની રહ્યા છે.





વસંતોત્સવ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત 'વસંતોત્સવ'ના પ્રારંભે નાના જાણીતા કલાવૃંદે 'સઝદા' સુફી ગીતોનો અનોખા અંદાજમાં કાર્યક્રમ રજૂ કર્યો હતો... ફિલ્મી અને નોન ફિલ્મી સુફી ગીતોની પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા... એક - એકથી ચડિયાતા ગીતોની રજૂઆતે શ્રોતાઓની દાદ મેળવી હતી....

# ગાંધીનગર ખાતે 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણીની તૈયારીઓ આરંભાઈ

## આયોજન સંદર્ભે પ્રદેશ ભાજપ મહિલા મોરચાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ ભારતીય જનતા પાર્ટી શ્રી કમલમ્ પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. જ્યોતિબેન પંડ્યાની અધ્યક્ષતામાં મહિલા મોરચાના પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળી હતી. આ બેઠકમાં ૮ માર્ચ 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણી નિમિત્તે સમગ્ર રાજ્યમાં જિલ્લા, મહાનગરમાં મહિલા સંમેલનો યોજવા નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકામાં ચૂંટાયેલા બહેનોના તેમજ વિવિધ ક્ષેત્રોની અગ્રણી બહેનોનું સન્માન કરવું.

બેઠકમાં મોરચાના અધ્યક્ષા જ્યોતિબેન પંડ્યાએ ૨૦૧૭ની ચૂંટણીના સંદર્ભમાં મહિલા મોરચાના સંભવિત કાર્યક્રમો અંગે ઉપસ્થિત હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરી લોકશાહી પ્રક્રિયામાં મહિલાઓની સહભાગીતા મહત્વની છે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં પ્રદેશ મોરચાના ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રીય મહિલા મોરચા ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબા પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ અને મહિલા મોરચાના મહામંત્રી જશુબેન કોરાટ સહિત અગ્રણી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



AmritTara We Make You Better
(Exclusive for Women)
● વ્હાઈટનીંગ ફેશિયલ
● પેડી ક્યોર - મેની ક્યોર
● વેક્સીંગ (હેન્ડ્સ - લેગ્સ)
1499
Bridal Packages ઉપલબ્ધ ● વાર્ષિક મેમ્બરશીપ કાર્ડ ઉપલબ્ધ
Plot No. 498/1, Sec-7/B, Gandhinagar
Mo. 99243 82458 • 9377238358



KENDRIYA VIDYALAYA NO.3,
GANDHINAGAR CANTT
CHILODA ROAD,ARMY CANTT,GANDHINAGAR-382042 (GUJARAT)
PHONE:079-23200266

INVITATION FOR REGISTRATION – 2017 – 18

Vidyalaya invites the firms satisfying the basic requirements i.e. Valid TIN registration, GST No. etc. to express interest for rendering goods and services for the financial year 2017 – 18 as per the Provisions of the Accounts code for Kendriya Vidyalayas. Interested firms can register themselves on or before 15th March, 2017 by registered post, e – registration or in person at the office between 09:00 AM to 03:00 P.M.

The goods and services maybe: 1.) Office Stationery 2.) Printing of diaries, school magazines, pamphlets, registers, question papers, certificates, cards etc. for office & other purposes. 3.) Building, Hardware, Plumbing, Painting and Electrical materials including labour charges. 4.) Gardening, Security, Conservancy Services 5.) Labour contract (maintenance and repair/new) for Fabrication, Civil, Electrical and masonry work. 6.) Sports Equipments & Sports Costume 7.) Lab Equipments & Teaching aids. 8.) Furniture & Fixtures, Green Board, White Boards. 8.) Supply and AMC of XEROX Machines, Computers, Computer peripherals, Water purifiers and Air – Conditions, Interactive boards, OHP, Web cams. 9.) CCTV Camera & Cables. 10.) Catering Services, Potable Water in campers, Water for civil works & Tent & Mandap Services and PA System Services. 10.) Photography, videography including I – Cards. 11.) Transportation Services from different type of vehicles.

The Quotations to run for 1 year from registered firms will be called in due course.

PRINCIPAL K. V. NO. 3 GANDHINAGAR CANTT.



ગાંધીનગરમાં મફત હિપ્નોસિસ ઉપચાર
ડિપ્રેશન, લઘુતાગ્રંથી, અજંપો, ડર, અગોચર પીડા, ફોબિયા, આર્થરાઈટિસ(વા), ક્રોનિક દુખાવા, થાયરોઈડ, હાયપર-ટેન્શન જેવી તકલીફો માટે સચોટ સહાયક ઉપચાર પધ્ધતિ
Contact: 9099023532



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૯૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com